તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 28-12-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

## આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1) ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંઘનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન. – નિગમ બોધ ઘાટ પર અંતિમ સંસ્કાર કરાયા.

2) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સહિતના નેતાઓએ ડૉ. મનમોહન સિંહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પી.

3) કેન્દ્રીય મંત્રીમંડળે સ્વર્ગસ્થ મનમોહન સિંઘનું સ્મારક બનાવવા જમીન ફાળવવા મંજૂરી આપી.

4) **દેશમાં વર્ષ 2023-24માં કોલસાનું અત્યાર સુધીનું સૌથી વધુ ઉત્પાદન નોંધાયું.**

5) **મેલબોર્નમાં રમાઈ રહેલી ટેસ્ટ મેચમાં ભારતના નીતિશ રેડ્ડીની લડાયક સદીની મદદથી ઓસ્ટ્રેલિયા સામે ભારતના નવ વિકેટે 359 રન.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MANMOHAN SINGH FUNERAL

નવી દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો. સંપૂર્ણ રાજકીય સન્માન સાથે ભૂતપૂર્વ પ્રધાનમંત્રીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ પહેલા ડૉ. મનમોહન સિંહના પાર્થિવ દેહને તેમના આવાસથી દિલ્હીના કૉંગ્રેસ મુખ્યમથક લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કૉંગ્રેસ મુખ્યમથકથી સ્મશાન ઘાટ સુધી તેમની અંતિમ યાત્રા નીકળી હતી.

નિગમ બોધ સ્મશાન ઘાટ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિતના નેતાઓએ તેમજ ભૂતાનના નરેશ સહિતના મહાનુભાવોએ ડૉ. મનમોહન સિંહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. 26 ડિસેમ્બરે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહનું નવી દિલ્હીની અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન- એઈમ્સમાં 92 વર્ષની વયે અવસાન થયું હતું.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DR. MANMOHAN SINGH SHRADDHANJALI*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે એક વીડિયો સંદેશમાં કહ્યું હતું કે, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના અવસાનથી દેશ ઘણો દુઃખી છે. ડૉ. સિંહનું જીવન ભવિષ્યની પેઢીઓ માટે એક ઉદાહરણ છે કે, કેવી રીતે લોકો સંઘર્ષથી ઉપર ઉઠી શકે છે અને વધુ ઉંચાઈઓ હાંસલ કરી શકે છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પણ ડૉ. મનમોહન સિંહના અવસાન પર શોક વ્યક્ત કર્યો હતો. જ્યારે કેન્દ્રીય મંત્રીમંડળે ગઈકાલે તેમની યાદમાં શોક ઠરાવ પસાર કર્યો હતો અને 2 મિનિટનું મૌન પાળીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઉપરાંત કેન્દ્રીય મંત્રીઓ, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિતના કૉંગ્રેસના નેતાઓ, આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ, દિલ્હીનાં મુખ્યમંત્રી આતિશી, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુ, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન, તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડી, NCP નેતા પ્રફુલ્લ પટેલ ભૂતપૂર્વ પ્રધાનમંત્રીના નિવાસસ્થાને શ્રદ્ધાંજલિ આપવા ગયા હતા.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BJP TRIVEDI MEMORIAL*

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, સરકાર ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહને યોગ્ય સન્માન આપવા બદલ સંપૂર્ણ રીતે વચનબદ્ધ છે. ડૉ. મનમોહન સિંહના સ્મારક માટે જગ્યા ફાળવવા અંગે શ્રી ત્રિવેદીએ કહ્યું, મંત્રીમંડળની ગઈકાલે યોજાયેલી બેઠકમાં ડૉ. મનમોહન સિંહની યાદમાં સ્મારક બનાવવાનો નિર્ણય લેવાયો હતો. કોંગ્રેસ પક્ષને આ માહિતી આપવામાં આવી છે.

## (ઓડિયો – સુધાંશુ ત્રિવેદી, પ્રવક્તા ભાજપ)

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MINERAL BLOCKS*

સરકારે વર્તમાન નાણાકીય વર્ષમાં 88 ખનીજ બ્લૉક્સની સફળ હરાજી કરી છે, જેમાં ચાર તબક્કામાં પૂર્ણ કરાયેલા 24 મહત્વના ખનીજ બ્લૉક પણ સામેલ છે. ખાણ મંત્રાલયે જણાવ્યું કે, રાષ્ટ્રીય ખનીજ સંશોધન ટ્રસ્ટ- NMETએ 609 કરોડ રૂપિયાથી વધુના બજેટ સાથે 120 સંશોધન અને ખરીદ પરિયોજનાને મંજૂરી આપી છે. MSTC દ્વારા ઈ-હરાજી મંચને વ્યાપક પૂર્વાભ્યાસે સંભવિત સહભાગીઓ માટે એકીકૃત નોંધણી પ્રક્રિયા અને બોલી જમા કરવાના તબક્કાઓને પ્રદર્શિત કરાયું છે.

ખાણ મંત્રાલયે તાજેતરમાં જ અપતટીય ખનીજ સંશોધનને પ્રોત્સાહન આપવા માટે એક વૅબિનાર યોજ્યો હતો, જેમાં 13 અપતટીય બ્લૉકને ઈ-હરાજી માટે પ્રદર્શિત કરવામાં આવી હતી. આમાં કેરળ, ગુજરાત અને ગ્રેટ નિકોબાર દ્વિપ સમુહના દરિકાયાંઠાના બ્લૉક સામેલ છે. 12 મહત્વના ખનીજ માટે રૉયલ્ટી દરને સુસંગત બનાવવા માટે MMDR અધિનિયમ 1957માં પણ સુધારો કરાયો હતો. મંત્રાલયને હાલમાં ભારત આંતર-રાષ્ટ્રીય વેપાર મેળા 2024માં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સુવર્ણ પુરસ્કાર પણ મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ચીન, જાપાન, નોર્વે, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા, પાપૂઆ ન્યૂ ગિની, નામિબીયા, અપતટીય એટલે કે, દરિયાકાંઠાથી થોડે દૂર ખનન કરનારા મુખ્ય દેશ છે.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ARMY- SURYA KIRAN

બટાલિયન સ્તરની સંયુક્ત સૈન્ય કવાયત સૂર્ય કિરણની 18મી આવૃત્તિમાં ભાગ લેવા માટે 334 જવાનોની બનેલી ભારતીય સેનાની ટુકડી આજે નેપાળ જવા રવાના થઈ છે. આ કવાયત આ મહિનાની 31મીથી આવતા મહિનાની 13મી સુધી નેપાળના સાલઝંડી ખાતે હાથ ધરાશે. એક નિવેદનમાં, સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, કવાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર હેઠળ જંગલ યુદ્ધ, પર્વતોમાં આતંકવાદ વિરોધી કામગીરી અને માનવતાવાદી સહાય અને આપત્તિ રાહતમાં આંતર કાર્યક્ષમતા વધારવાનો છે. તેણે એમ પણ કહ્યું કે ઓપરેશનલ સજ્જતા, ઉડ્ડયન પાસાઓ, તબીબી તાલીમ અને પર્યાવરણ સંરક્ષણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ***MID BREAK- NEWS- NATIONAL***

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# COAL PRODUCTION

દેશમાં વર્ષ 2023-24માં કોલસાનું અત્યાર સુધીનું સૌથી વધુ ઉત્પાદન નોંધાયું છે. વર્ષ 2022-23માં 893.191 મિલિયન ટનની સરખામણીએ વર્ષ 2023-24માં 997.826 મિલિયન ટન કોલાસાનું ઉત્પાદન થયું છે. જે 11.71 ટકાનો વધારો દર્શાવે છે. કોલસા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, દેશમાં આ મહિનાની 15મી તારીખ સુધી લગભગ 963.11 મેટ્રિક ટન કોલસાનો પૂરવઠો પૂરો પડાયો છે.

મંત્રાલયે જણાવ્યું છે કે, 'આત્મનિર્ભર ભારત' હેઠળની પહેલોને કારણે ઘરેલૂ કાચા કોકિંગ કોલસાનું ઉત્પાદન આગામી પાંચ વર્ષમાં 140 મેટ્રિક ટન સુધી પહોંચવાની શક્યતા છે. વર્ષ 2023-24માં આ પ્રકારના કોલસાનું ઉત્પાદન 66.821 મિલિયન ટન નોંધાયું છે.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# REV. IMD-WEATHER COLD

ગુજરાત, મહારાષ્ટ્ર, મરાઠવાડા સહિત ઉત્તર ભારતના કેટલાંક રાજ્યોમાં અને રાજસ્થાન, વિદર્ભમાં આજે વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આજે મધ્યપ્રદેશમાં વાવાઝોડા સાથે કરાં પડવાની સંભાવના છે. જ્યારે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઝારખંડમાં આગામી બેથી ત્રણ દિવસ સુધી મોડી રાત અને સવારના સમયે ગાઢ ધુમ્મસ રહેવાની આગાહી છે.

દરમિયાન રાષ્ટ્રીય રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થતાં ઠંડીમાં વધારો નોંધાયો છે. હવામાન વિભાગે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના નોઈડા, ગુરુગ્રામ અને અન્ય સ્થળોએ આજે અને આવતીકાલે વધુ વરસાદની આગાહી માટેનું યલો એલર્ટ આપ્યું છે.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# DAY DELHI POLLUTION

ગઈકાલે રાષ્ટ્રીય રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદ પડ્યા બાદ દિલ્હીમાં હવાની ગુણવત્તામાં સુધારો થયો છે. આજે બપોરે એક વાગ્યા સુધીમાં સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ 140 સાથે મધ્યમ શ્રેણીમાં રહે છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા અનુસાર, શહેરના કેટલાક વિસ્તારોમાં AQI સ્તરમાં સુધારો નોંધાયો છે. દિલ્હીના બવાના સ્ટેશન પર AQI 198, રોહિણી 174, આનંદ વિહાર 198, અશોક વિહાર 144, જહાંગીરપુરી 173, મુંડકા 196 અને બુરારી 127 પર નોંધાયો હતો.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાતની આ 117મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MEXICO – ACCIDENT

પૂર્વ મેક્સિકોમાં ટ્રેલર અને બસનો અકસ્માત થતાં આઠ લોકોના મોત થયા છે. જ્યારે 27 લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. પ્રાદેશિક ફરિયાદીની કચેરીએ અકસ્માત અંગે તપાસ શરૂ કરી છે.

આ સાથે પશ્ચિમી મેક્સિકન રાજ્ય મિચોઆકનમાં એક માર્ગ અકસ્માતમાં લગભગ છ લોકોના મોત થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ વર્ષે મેક્સિકોને વિશ્વમાં સૌથી વધુ ટ્રાફિક અકસ્માત ધરાવતો સાતમો દેશ ગણાવ્યો છે, જ્યારે અકસ્માતોથી થતાં મૃત્યુમાં લેટિન અમેરિકા ત્રીજા ક્રમે છે.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# TEST CRICKET - MATCH

મેલબોર્નમાં રમાઇ રહેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ચોથી ટેસ્ટમાં ત્રીજી દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે નવ વિકેટે 358 રન કર્યા છે. નિતિશ રેડ્ડી 105 અને સિરાજ બે રને ક્રિઝ પર છે. વરસાદને કારણે રમત વહેલી બંધ કરવામાં આવી હતી.

ભારતના નવોદિત ખેલાડી નિતિશ કુમાર રેડ્ડીની લડાયક સદી અને વોશિંગ્ટન સુંદરની અડધી સદીને કારણે ભારતે સાડી ત્રણસો રનનો આંકડો પાર કર્યો હતો જોકે હજુપણ ભારત યજમાન ટીમના પહેલી ઇનિંગમાં 474 રનના સ્કોરથી 116 રન પાછળ છે.હજુ આ ટેસ્ટ મેચના બે દિવસ બાકી છે.

તા. 28-12-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *HOCKEY INDIA LEAGUE*

ઓડિશાના રાઉરકેલામાં આજથી હોકી ઈન્ડિયા લીગ સ્પર્ધાનો આરંભ થઈ રહ્યો છે. બિરસા મુંડા સ્ટેડિયમમાં રાત્રે 8 વાગ્યે દિલ્હી એસજી પાઇપર્સ અને ગોનાસિકા વચ્ચે ઉદ્ઘાટન મેચ રમાશે. આ લીગ બે તબક્કામાં રમાશે.

મેચનો પ્રથમ તબક્કો આજથી 18 જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં તમામ ટીમે એક-બીજા સામે એક વખત રમવાનું રહેશે. બીજો તબક્કો 19 જાન્યુઆરીથી શરૂ થશે, જેમાં વિવિધ ટીમ બે પૂલમાં હશે. દરેક પૂલમાં ટીમ એકબીજા સાથે રમશે. બંને પૂલની ટોચની બે ટીમ સેમિફાઇનલમાં પહોંચશે. સેમિફાઇનલ મેચ 31 જાન્યુઆરીએ રમાશે. જ્યારે ફાઈનલ મેચ પહેલી ફેબ્રુઆરીએ રમાશે.